જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૧/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૩૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ અને ૦૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૮૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૩૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૩૫/૨૦૨૫**

નવરંગપુરાઃ હર્ષ દર્શનભાઈ શેઠ (ઉ.વ.૩૩) (રહે. આકાશ–૩, ૧૩૨ ફુટ રીંગ રોડ જયમંગલ બી.આર.ટી.એસ. સામે નારણપુરા) એ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૫ બપોરના ૦૨/૦૦ થી સાંજના ૦૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સંદીપભાઈ ઉર્ફે રાસીદ (૨) રૂપેષભાઈ અજયકુમાર શાહ (રહે. માસ્ટર કોલોની શાહપુર દરવાજા પાસે લાલાકાકા હોલ પાસે શાહપુર (૩) ભાવીન લખમણભાઈ વાછાણી (રહે. ગીતાંજલી સોસાયટી કોલકી રોડ ઉપલેટા જીલ્લો રાજકોટ અને (૪) તુષારભાઈ રામજીભાઈ ચૌહાણ (રહે. અનલ પાર્ક લીલાબા હોલ પાસે બુટભવાની મંદીરની બાજુમા વેજલપુર) એ ભેગા મળી રોકડ રકમ આર.ટી.જી.એસ.થી વ્હાઈટ કરી આપવાનું તથા તે રકમ સાથે વળતર પણ મળશે તેવુ પ્રલોભન આપી હર્ષ શેઠ પાસેથી મુંબઈ ઈન્ડસ ટાવરની કંપનીમાં રોકડ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/– આર.ટી.જી.એસ.થી મોકલવા નવરંગપુરા સી.જી.રોડ ઈસ્કોન આર્કેડ એસ.પી.એન્ટરપ્રાઈઝ, આંગડીયા પેઢી ખાતે જમા કરાવ્યા હતા, જે નાણાં આર.ટી.જી.એસ. નહી કરી આંગડીયા મારફતે ઉપાડી લઈ હર્ષ શેઠ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૬૩૬/૨૦૨૫**

ગોમતીપુરઃ રોહીતકુમાર વિજયભાઈ ખેરનાર (ઉ.વ.૩૪) (રહે.આસીયાના પાર્ક ડુપ્લેક્ષ નીલોફર સોસાયટી સામે નારોલ તથા મોહનલાલની નવી ચાલી નરસિહજીના નેળીયા ગોમતીપુર) એ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૧/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૧૯/૧૧/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગોમતીપુર મોહનલાલની નવી ચાલી ખાતેના મકાનની ઉપર જવાના રૂમની સીડી મારફતે અજાણી વ્યક્તિ ઉપરના માળ ઉપર જઈ દરવાજો ખોલી ઘરમાં પ્રવેશ કરી લોખંડની તીજોરીનુ તાળું ખોલી તિજોરીમાંથી અને સોનાના દાગીના કિમત રૂપિયા ૨૬,૯૦૦/– અને રોકડ રૂપિયા ૮૦૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૦૬,૯૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.મહિડા ચલાવે છે.

નવમા માળથી પડી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૬૩૭/૨૦૨૫**

ઘાટલોડીયાઃ દાણીલીમડા નારોલ રોડ ઓલ્ડ ઓક્ટ્રોયનાકાની સામે ન્યુ ફેઝલનગર ખાતે રહેતા સમદઅલી જકીઉલ્લાહ અંસારી (ઉ.વ.૫૭) (મુળ વતન. ગામ–નરાઇ પો.સ્ટ–રાજગઢ તા–બાસગાંવ જી–ગોરખપુર ઉતર પ્રદેશ) નાઓ રાજવી ઓપલ પાસે મેમનગર સૌરાષ્ટ્ર પટેલ કન્યા છાત્રાલય નવી બનતી સાઇટ ખાતે સુપરવાઇઝર તરીકે કામ કરતા હતા. જેઓ તા.૧૪/૧૧/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સાઇટ ખાતે દસમાં માળની ડગમાંથી નવમા માળે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને ગુરુકુળ સ્ટર્લિંગ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૧૧/૨૦૨૫ કલાક ૯/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશભાઈ પ્રભાતભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૬૩૮/૨૦૨૫**

નિકોલઃ સંગીતાબહેન વા/ઓ અનિલભાઈ શાહ (ઉ.વ.૫૪) (રહે. રોયલ રીવેરા ફલેટ્સ ડી માર્ટ રોડ દેવસ્ય ઇન્ટરનેશનલ સ્કૂલ સામે નિકોલ) એ બીમારીથી કંટાળી તા.૧૯/૧૧/૨૦૨૫ સવારના ૦૮/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક ખાતેના સાતમા માળના ઘાબા ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.બારીઆ ચલાવે છે.

ઓઢવઃ વિકાસ સ/ઓ ઝીણકપ્રસાદ કનોજીયા (ઉ.વ.૧૯) (રહે.વૃંદાવન પાર્ક સોસાયટી કાકા ભાજીપાવ પાછળ એસ.પી.રીંગરોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૧/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઇ જગમાલભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી